# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


SGCCI

Ref no. PN 2025-26/184 Dt. 14/10/2025

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સના એસબીસી દ્વારા પ્રિ–દિવાળી સેલિબ્રેશન ઉજવાયું

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના એસજીસીસીઆઇ બિઝનેસ કનેકટ દ્વારા શનિવાર, તા. ૧૧ ઓકટોબર, ૨૦૨૫ના રોજ ડી વિલા ગાર્ડન રેસ્ટ્રો લોન્જ ખાતે 'એસબીસી પ્રિ–દિવાળી સેલિબ્રેશન ૨૦૨૫' ભવ્ય રીતે યોજાયો હતો, જેમાં ઉત્સાહભેર દિવાળીની ઉજવણીનો માહોલ છવાયો હતો.

બાળ કલાકાર પ્રિન્સી પ્રજાપતિ કે જેઓ અનુપમા, ઇટ્ટા કિટ્ટા, મિશ્રી જેવી લોકપ્રિય ટીવી શ્રેણીઓમાં પોતાના અભિનય માટે જાણીતા છે, તેઓએ ચીફ ગેસ્ટ તરીકે હાજરી આપી હતી. તેમની ઉપસ્થિતિએ કાર્યક્રમમાં આનંદ અને ઉત્સાહનો ઉમેરો કર્યો હતો.

આ પ્રસંગે ચેમ્બર ઓફ કોમર્સના કાર્યવાહક પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ ખાસ ઉપસ્થિત રહીને સભ્યોને પ્રોત્સાહિત કર્યા હતા. સાથે જ ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી ભાવેશ ટેલર, શ્રી કમલેશ ગજેરા, ડો. વિજય રાદડિયા અને બંદના ભટ્ટાચાર્ય તથા એસબીસીના ગૃપ ચેરમેન શ્રી દીપક કુમાર શેઠવાલાની હાજરીએ કાર્યક્રમને વધુ વિશિષ્ટ બનાવ્યો હતો.

ઉપરોકત કાર્યક્રમ એસબીસીના ચેરમેન શ્રી ચંદ્રકાંત પ્રજાપતિના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો, જેનું સંચાલન શ્રીમતી જાગૃતિ પ્રજાપતિએ ઉત્સાહભેર કર્યું હતું.

દિવાળીના આ આનંદોત્સવમાં ૧૫૦ ફેમિલી મેમ્બર જોડાયા હતા અને મહેમાનોને સંગીતનો આનંદ માણવાનો મોકો મળ્યો હતો. એસબીસી દ્વારા યોજાયેલો આ કાર્યક્રમ માત્ર ઉજવણી પૂરતો ન હતો, પરંતુ ઉદ્યોગકારો અને વ્યવસાયિકો વચ્ચે મિત્રતાનો સેતુ મજબૂત કરવા આ પ્રસંગ યાદગાર બની રહ્યો હતો. આવા કાર્યક્રમો ઉદ્યોગ સાહસિકો વચ્ચે નેટવર્કિંગ આનંદ અને ઉત્સાહનો માહોલ સર્જી ચેમ્બર પરિવારને વધુ એકતાના સૂત્રે બાંધે છે.